॥ શ્રી વિશ્વકર્મણેય નમઃ ॥

## શ્રી વિશ્વકર્મા મેવાડા છાત્રાલય ટ્રસ્ટ, સંચાલિત

# શ્રી કાળીદાસ રેવાશંકર મિસ્ત્રી છાત્રાલય

(પબ્લિક ટ્રસ્ટ - રજી. નં. એ-૧૮૪૬, અમદાવાદ) GST No. 24AAATV1884B1Z

**રજીસ્ટર્ડ ઓફિસ :** કૉમર્સ કૉલેજ છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯. **ફોન :** (૦૭૯) ૨૬૪૪૮૨૧૩
Website : www.mewadasutharhostel.com - Email : mevadahostel.ahmedabad@in.com



## સામાન્ય સભા અને વાર્ષિક અહેવાલ : 2020-2021 • તારીખ : ૦૫/૦૯/૨૦૨૧, રવિવાર



**વર્ષ : ૨૦૨૧**

**પ્રમુખ : શ્રી બાબુભાઈ દુર્લભરામ મેવાડા • મંત્રી : શ્રી દિલીપભાઈ મુળચંદદાસ મિસ્ત્રી**

પ્રસિદ્ધ કરનાર : શ્રી વિશ્વકર્મા મેવાડા છાત્રાલય ટ્રસ્ટ વતી, મંત્રીશ્રી દિલીપભાઈ મુળચંદદાસ મિસ્ત્રી

## વાર્ષિક અહેવાલ : ૨૦૨૦-૨૧

છેલ્લા દોઢ વર્ષથી કોરોનાની મહામારીના કારણે કોલેજો બંધ હોવાથી આપણું છાત્રાલય વિદ્યાર્થીઓ વગરનું રહ્યું છે. વચ્ચે થોડોક સમય કોલેજો ખૂલતાં વિદ્યાર્થીઓ આવવા લાગ્યા હતાં, પરંતુ ફરીથી કોલેજો બંધ થતાં વિદ્યાર્થીઓ પોતાના ઘરે જતા રહ્યાં હતાં. વિદ્યાર્થીઓ અત્યારે છાત્રાલયમાં ન હોવાને કારણે છેલ્લાં એક વર્ષથી સતત નવીનીકરણનું કામ કાજ ચાલું છે. છાત્રાલયનું મકાન પણ જૂનું હોવાને કારણે દર વર્ષે થોડું થોડું રીપેરીંગ માંગે છે. આધુનિક ટેકનોલોજીને કારણે અભ્યાસક્રમો પણ બદલાયા છે અને તેના કારણે વિદ્યાર્થીઓને પણ આધુનિક સુવિધાઓ મળી રહે તે માટે સમાજ અને કારોબારી સમિતિ સતત ચિંતિત અને પ્રયત્નશીલ રહે છે. અત્યારે વિદ્યાર્થીઓના તમામ રૂમોમાં વીટ્રીફાઈડ ટાઈલ્સનું ફલોરિંગ તથા અન્ય નવીન સુવિધાઓનાં કામો કરવામાં આવેલ છે. નવી લાયબ્રેરી તથા છાત્રાલયનાં મકાનનું તમામ ઈલેક્ટ્રિક કામ નવું કરવામાં આવી રહ્યું છે, જેથી વિદ્યાર્થીઓ ને વધારે સારી સુવિધા આપી શકાય. ગ્રાઉન્ડ ફલોરે લાયબ્રેરી અને મિટીંગ રૂમ ભેગા હતાં તેનું અલગ કોન્ફરન્સ રૂમ તરીકે નવીનીકરણ કરવામાં આવ્યું છે.

આ વખતે તા. ૨૫–૦૨–૨૦૨૧ નાં રોજ શ્રી વિશ્વકર્મા જયંતિની ઉજવણી પણ થોડાક હાજર વિદ્યાર્થીઓ અને કારોબારી સભ્યોની હાજરીમાં ઉજવવામાં આવી હતી. જેમાં ફક્ત શ્રી વિશ્વકર્મા પ્રભુનું પૂજન અને આરતીનો જ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.


તા. ૦૭/૦૩/૨૦૨૧ નાં રોજ ૨૦૧૯–૨૦ ની વાર્ષિક સામાન્ય સભા યોજવામાં આવી હતી અને તેમાં બંધારણ મુજબ નવીન કોરોબારી સમિતિનાં સભ્યોની વરણી કરવામાં આવી હતી. ટ્રસ્ટે ખુબ જ ટૂંકા ગાળામાં ત્રણ મહાનુભાવો ગુમાવ્યાં છે. તેમાં સમાજ શ્રેષ્ઠી અને ટ્રસ્ટનાં કાયમી **આમંત્રિત શ્રી જયંતિલાલ આર. મેવાડા (વડગામ), ટ્રસ્ટી અને ખજાનચીશ્રી ઈશ્વરલાલ એમ. મિસ્ત્રી (જાસ્કા) અને કારોબારી સભ્યશ્રી નયનકુમાર આર. મિસ્ત્રી (અમદાવાદ)**. સમાજ તેમની સેવાઓને ક્યારેય ભૂલી શકશે નહિ. પરમાત્મા તે સૌનાં આત્માને શાન્તિ આપે તેવી સમગ્ર સમાજ વતી પ્રાર્થના....

છાત્રાલયનાં રજીસ્ટરમાં સભ્યોની માહિતી ખૂબ જ જૂની હોવાથી તેને પણ અપડેટ કરવાનું કામ ચાલુ છે. તો દરેક સભ્ય એ પોતાની માહિતી અપડેટ કરાવી લેવી અને તે માટે નવા ફોર્મ છાત્રાલયમાંથી મેળવી લેવું અથવા આ અહેવાલમાં પેજ નંબર–૬ ઉપર આપેલ છે તો પોતાનાં ફોટા સાથે ફોર્મ ભરીને જમા કરાવશો. જેથી આ વખતથી વાર્ષિક અહેવાલ, સાધારણ સભાની નોટિસ અને બીજી જરૂરી માહિતીઓ સોશિયલ મીડિયાથી મોકલવાની હોવાથી આપ સૌને સરળતાથી મોકલી શકીએ.

શ્રી વિશ્વકર્મા પ્રભુને પ્રાર્થના કરીએ કે કોરોનાની આ મહામારીમાં સમાજનાં સૌ સભ્યોની રક્ષા કરો અને સમગ્ર દુનિયાને જલ્દીથી આ મહામારીમાંથી મુક્ત કરો જેથી આપણું છાત્રાલય પણ નવી સુવિધાઓ સાથે ધમધમતું થાય.

મંત્રીશ્રી **દિલીપભાઈ એમ. મિસ્ત્રી (વેસા)**

# શ્રધ્ધાંજલિ




**સ્વ. શ્રી જ્યંતિલાલ રેવાશંકર મેવાડા**

**(વડગામ)**

**કાયમી આમંત્રિતશ્રી**

**સ્વ. તા. ૨૦–૫–૨૦૨૧**




**સ્વ. ઈશ્વરલાલ મોહનભાઈ મિસ્ત્રી**

**(જાસ્કા)**

**ટ્રસ્ટી / ખજાનચી**

**સ્વ. તા. ૨૨–૩–૨૦૨૧**



**સ્વ. નયનકુમાર રજનીકાન્તભાઈ મિસ્ત્રી**

**(અમદાવાદ)**

**કારોબારી સભ્ય**

**સ્વ. તા. ૦૩–૪–૨૦૨૧**

પ્રભુ દિવગંત આત્માઓને ચિર શાંતિ અર્પે તેવી
સમગ્ર મેવાડા સુથાર સમાજ તરફથી પ્રાર્થના...
તથા સમાજ માટે તન, મન અને ધનથી કરેલી
સેવા ક્યારેય ભૂલ શકાશે નહીં.

॥ ૐ શાન્તિ ૐ શાન્તિ ૐ શાન્તિ ॥

# ૨૦૨૦-૨૧ ની વાર્ષિક સામાન્ય સભાની નોટીસ

માનનીય છાત્રાલય ટ્રસ્ટના દાતાશ્રીઓ તથા જ્ઞાતિબંધુઓ,

સહર્ષ જણાવવાનું કે શ્રી વિશ્વકર્મા મેવાડા છાત્રાલય ટ્રસ્ટના દાતાશ્રીઓ (આજીવન સભ્યશ્રીઓ) ની વર્ષ ૨૦૨૦ - ૨૧ની વાર્ષિક સામાન્ય સભા (જનરલ મિટીંગ) નીચે મુજબના એજન્ડા અંગે કાર્યવાહી કરવા **તા. ૦૫-૯-૨૦૨૧ ને રવિવારે બપોરે ૨-૩૦ વાગે** શરૂ થાય તે રીતે **છાત્રાલયના સાંસ્કૃતિક હોલમાં** બોલાવવાનું કારોબારીએ નક્કી કરેલ છે. તો તમામ દાતાશ્રીઓને સમયસર ઉપસ્થિત રહેવા હાર્દિક આમંત્રણ છે.

આ સામાન્ય સભા છાત્રાલય ટ્રસ્ટના **પ્રમુખશ્રી બાબુભાઈ દુર્લભરામ મેવાડા (પ્રોફેસર)** ના અધ્યક્ષ સ્થાને મળશે.

## ● મિટીંગનો એજન્ડા ●

(૧) મહાનુભાવોનું સ્વાગત / દિપ પ્રાગટ્ય (૨) દિવંગતોને શ્રધ્ધાંજલિ (૩) ગત સામાન્ય સભાના ઠરાવોનું વાંચન અને બહાલી તથા છાત્રાલય ટ્રસ્ટનો અહેવાલ (૪) વર્ષ ૨૦૨૦-૨૧ના હિસાબોનું વાંચન (૫) ઓડિટરની નિમણૂંક (૬) ધો.-૧૦-૧૨ ના વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ (૭) બંધારણમાં જરૂરી કલમોના સુધારા-વધારા માટે ચર્ચા (૮) નવા બે ટ્રસ્ટીઓની નિમણુંક તથા સોગંધવિધિ (૯) પ્રમુખશ્રી તરફથી જે રજૂ થાય તે (૧૦) આભાર દર્શન અને અલ્પાહાર.

## ● ખાસ નોંધ ●

૧. આ સામાન્ય સભામાં આપશ્રી આ એજન્ડા સિવાય તથા હિસાબ અંગે કંઈ રજૂ કરવા ઈચ્છા હોય તો તા. ૦૧-૯-૨૦૨૧ સુધીમાં ટૂંકમાં વિગતે પ્રમુખશ્રીના અથવા છાત્રાલયના સરનામે મોકલી આપશો. જેથી પ્રમુખશ્રીની મંજૂરીથી તે રજૂ કરી શકાય.

૨. **કોરમ :** બંધારણની કલમ૧૦/૧ મુજબ ઓછામાં ઓછા ૪૦ સભ્યોની હાજરી કોરમ ગણાય છે. મિટીંગના સમયે જો કોરમ ન થાય તો મીટીંગના અડધા કલાક પછી તે જ સ્થળે ફરી મિટીંગ મળશે અને જે સંખ્યા હાજર હશે તે કોરમ ગણાશે.

૩. **મિટીંગમાં માસ્ક ફરજીયાત પહેરીને આવવાનું રહેશે તથા સોશીયલ ડિસ્ટન્સનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. કોવિડ-૧૯ માટેની સરકારી ગાઈડલાઈનનું ફરજીયાત પાલન કરવાનું રહેશે.**

- મંત્રીશ્રી, દિલીપભાઈ એમ. મિસ્ત્રી *શ્રી વિશ્વકર્મા મેવાડા છાત્રાલય ટ્રસ્ટ, અમદાવાદ*

**નમ્ર નિવેદન :** ● સંસ્થાના વિકાસ માટે યથા શક્તિ દાન / ભેટ આપશો. ● આપનો દિકરો કે પાલ્ય છાત્રાલયમાં રહી અભ્યાસ કરતો હોય તો અવારનવાર રૂબરૂ મુલાકાત લઈ તેનાથી માહિતગાર રહેશો.

**ખાસ નોંધ : (૧) માર્ચ / એપ્રિલ ૨૦૨૧ માં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ માં જ્ઞાતિના જે બાળકો સારા ગુણ મેળવી પાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓ અરજી સાથે માર્કશીટની ઝેરોક્ષ પૂરા સરનામા અને ટેલીફોન નંબર સાથે તા. ૩૧-૮-૨૦૨૧ સુધીમાં મોકલી આપે. આવેલ અરજીઓ માંથી પ્રવાહ દીઠ વધુ ગુણ મેળવેલ પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને રોકડ ઈનામ આપવામાં આવે છે. (૨) છાત્રાલયમાં રહી માર્ચ / એપ્રિલ ૨૦૨૦ માં ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ માં અભ્યાસ કરી પ્રથમ આવનાર વિદ્યાર્થીઓને પણ પ્રોત્સાહક રોકડ ઈનામ આપવામાં આવે છે. તો તેવા છાત્રોએ પણ પોતાની માર્કશીટ અરજી સાથે જમા કરાવવી.** (૩) સમાજની કોઈ વ્યક્તિએ કોઈ ક્ષેત્રમાં વિશિષ્ટ સિધ્ધિ મેળવી હોય તો તેની માહિતી યોગ્ય આધાર સાથે છાત્રાલયમાં મોકલી આપે. સંસ્થા તેમનું યોગ્યતા પ્રમાણે સન્માન કરશે. (૪) સંસ્થા અંગેની કોઈપણ માહિતીની જરૂર હોય અથવા સ્પષ્ટતાની જરૂર હોય તો સંસ્થાના જવાબદાર કાર્યકર્તાઓનો રૂબરૂ અથવા પત્ર દ્વારા સંપર્ક કરી ખુલાસો મેળવવા વિનંતી.

**શ્રી વિશ્વકર્મા મેવાડા છાત્રાલય ટ્રસ્ટ સંચાલિત**

# શ્રી કાળીદાસ રેવાશંકર મિસ્ત્રી છાત્રાલય, અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

(પબ્લિક ટ્રસ્ટ - રજી. નં. એ-૧૮૪૬, અમદાવાદ)

## બે ટ્રસ્ટીશ્રીઓની ચૂંટણી અંગેનું જાહેરનામું

આથી શ્રી વિશ્વકર્મા મેવાડા છાત્રાલય ટ્રસ્ટના સર્વદાતાશ્રીઓને જણાવવાનું કે બંધારણ અનુસાર છાત્રાલય ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓની મુદત ૧૨ વર્ષની છે. તે અનુસાર હાલના બે ટ્રસ્ટીશ્રીઓની મુદત ઓગષ્ટ-૨૦૨૧માં પુરી થાય છે. તેથી નવા બે ટ્રસ્ટીશ્રીઓની ચૂંટણી કરવાની થાય છે. તે **ચૂંટણી તારીખ ૦૫-૦૯-૨૦૨૧ ને રવિવારના રોજ બપોરે ૨-૩૦ કલાકે** છાત્રાલયનાં મકાનમાં યોજવાનું નક્કી કરેલ છે. આ અંગેના નિયમો અને કાર્યક્રમ નીચે મુજબ છે.

- **ચૂંટણી :**

(૧) બે ટ્રસ્ટીશ્રીઓની ચૂંટણી બાર વર્ષની મુદત માટે કરવામાં આવશે.

(૨) ચૂંટણી અધિકારી તરીકે **શ્રી જશુભાઈ પી. સુથાર (કઠવાડા)** ને નિયુક્ત કરવામાં આવેલ છે.

- **કોણ ઉમેદવારી કરી શકે અને કોણ મત આપી શકશે ?**

તારીખ : ૦૫-૮-૨૦૨૧ સુધીમાં ટ્રસ્ટના બંધારણ અનુસાર દાન આપનાર દાતાશ્રી ટ્રસ્ટીની ચૂંટણીમાં ઉમેદવારી કરી શકશે અને મત પણ આપી શકશે.

- **ઉમેદવારી પત્રક :**

ટ્રસ્ટી માટે ઉમેદવારી કરવા ઈચ્છતા સભ્યોએ ઉમેદવારી માટે નિયત કરેલ ફોર્મ છાત્રાલયની ઓફિસેથી રૂબરૂ મેળવી તેમાં માંગેલી સંપૂર્ણ વિગતો ભરી **તા. ૨૦-૮-૨૦૨૧ના રોજ સાંજના ૫-૦૦ વાગ્યા** સુધીમાં છાત્રાલયના સરનામે રૂબરૂ અથવા રજી. પોસ્ટ દ્વારા મળી જાય તે રીતે મોકલી આપવું.

નિયત કરેલ તારીખ તથા સમય બાદ આવેલ ઉમેદવારી પત્રો રદબાતલ ગણાશે.

- **ઉમેદવારી પત્રોની ચકાસણી :**

ટ્રસ્ટી માટે આવેલ બધા ઉમેદવારી પત્રોની ચકાસણી **તા. ૨૧-૮-૨૦૨૧ના રોજ બપોરે ૨-૦૦ થી ૪-૦૦ વાગ્યા** સુધીમાં રાખવામાં આવશે, ઉમેદવાર પોતે હાજર રહી શકશે.

- **ઉમેદવારી પત્ર પાછું ખેંચવા અંગે :**

ઉમેદવારી પત્ર પાછું ખેંચવા અંગે **તા. ૨૪-૮-૨૦૨૧ના રોજ સાંજના ૫-૦૦ વાગ્યા સુધીનો સમય** નક્કી કરવામાં આવ્યો છે.

- ઉમેદવારોની આખરી યાદી **તા. ૨૫-૮-૨૦૨૧ ના રોજ સવારે ૧૧-૦૦ વાગે** સંસ્થાના નોટીસ બોર્ડ ઉપર લગાવવામાં આવશે.

- **ચૂંટણી :**

બે ટ્રસ્ટીશ્રીઓની ચૂંટણી માટે જરૂરી સંખ્યા કરતા વધારે ઉમેદવારી પત્રો આવશે તો, ટ્રસ્ટ સમરસ ચૂંટણી માટેના પ્રયત્નો કરશે અને જો સમરસ ચૂંટણી નહીં થાય તો **તા. ૦૫-૯-૨૦૨૧, રવિવારના રોજ બપોરના ૨-૩૦ વાગે** બોલાવેલ સામાન્ય સભા પહેલા મતદાનથી ચૂંટણી કરવામાં આવશે અને તેજ દિવસે મતગણતરી કરી વિજેતા ઉમેદવારોની જાહેરાત ચૂંટણી અધિકારીશ્રી દ્વારા સામાન્ય સભામાં કરવામાં આવશે.

- **નોંધ : દરેક સભાસદે ચૂંટણી પહેલા પોતાનો સભાસદ નંબર ફરજીયાત મેળવી લેવાનો રહેશે અને ચૂંટણી વખતે પોતાનો સભાસદ નંબર ફરજીયાત લઈને આપવાનો રહેશે.**

**તારીખ : ૨૩-૦૭-૨૦૨૧**

આપનો સ્નેહાધિન,
**દિલીપભાઈ એમ. મિસ્ત્રી (મંત્રી)**

શ્રી વિશ્વકર્મા મેવાડા છાત્રાલય ટ્રસ્ટ સંચાલિત

# શ્રી કાળીદાસ રેવાશંકર મિસ્ત્રી છાત્રાલય

(પબ્લિક ટ્રસ્ટ - રજી. નં. એ-૧૮૪૬, અમદાવાદ) GST No. : 24AAATV1884B1Z
રજી.ઓફિસ : કોમર્સ છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
ફોન : (૦૭૯) ૨૬૪૪૮૨૧૩
Website : www.mewadasutharhostel.com E-mail : mevadahostel.ahmedabad@in.com

## આજીવન સભ્યપદ માટેનું અરજી પત્રક

* નામ (અટક પ્રથમ) : ____________________
* મુળ વતન : __________ જિલ્લો : __________ ગોળ : __________
* હાલનું સરનામું : ____________________
____________________
____________________ પિનકોડ : __________
* વોટ્સએપ મોબાઈલ નં. : __________ ફોન નં. (ઓ.) : __________ (ઘર) __________
* ઈમેઈલ : ____________________
* હાલનો વ્યવસાય : ____________________
* વ્યવસાયનું સરનામું : ____________________
____________________
____________________ પિનકોડ : __________
* વેબસાઈટ : ____________________
* જન્મ તારીખ : __________ બ્લડ ગ્રુપ : __________ અભ્યાસ : __________
* અરજદારની માતાનું નામ : ____________________ પિયર : __________

## દાનની વિગત

અંકે રૂપિયા : __________ (શબ્દોમાં) : ____________________
ચેક નંબર : __________ તારીખ : __________ બેંકનું નામ : __________
શાખા : __________
તારીખ : __________ અરજદારની સહી : __________

## કાર્યાલય હેતુ

પાવતી નં. : __________ તા. : __________ અંકે રૂપિયા : __________
(શબ્દોમાં) ____________________
સભ્યપદ નં. : __________
પાવતી બનાવનારનું નામ : ____________________ સહી __________
નાણાં લેનારનું નામ : ____________________ સહી __________

પ્રમુખ / ટ્રસ્ટી / મંત્રી

શ્રી વિશ્વકર્મા મેવાડા છાત્રાલય ટ્રસ્ટ સંચાલિત,

# શ્રી કાળીદાસ રેવાશંકર મિસ્ત્રી છાત્રાલય

## ટ્રસ્ટીઓ અને કારોબારી સભ્યો
## વર્ષ : ૨૦૨૦-૨૦૨૧

| ક્રમ | નામ | હોદ્દો | ટેલિફોન નં. | મૂળ વતન |
|---|---|---|---|---|
| ૧. | શ્રી બાબુભાઈ દુર્લભરામ મેવાડા (પ્રોફેસર) | પ્રમુખશ્રી/ટ્રસ્ટીશ્રી | ૯૪૨૬૩ ૨૩૮૧૦ | વેસા |
| ૨. | શ્રી બાબુભાઈ દેવચંદદાસ મેવાડા (આર્કિટેક્ટ) | ઉપપ્રમુખશ્રી/ટ્રસ્ટીશ્રી | ૯૮૨૪૦ ૪૮૭૬૬ | પીરોજપુરા |
| ૩. | શ્રી ભરતકુમાર રતિલાલ સુથાર | ટ્રેઝરરશ્રી/ટ્રસ્ટીશ્રી | ૯૮૨૫૦ ૭૦૮૬૭ | ઊંઝા |
| ૪. | શ્રી દિલિપભાઈ મુળચંદદાસ મિસ્ત્રી | મંત્રીશ્રી | ૯૮૨૫૦ ૩૪૯૫૨ | વેસા |
| ૫. | શ્રી ચીમનભાઈ મગનભાઈ સુથાર | સહમંત્રીશ્રી | ૯૮૨૫૬ ૬૫૦૬૯ | નવા |
| ૬. | શ્રી ગણપતભાઈ પુરુષોત્તમદાસ મિસ્ત્રી | કારોબારી સભ્યશ્રી | ૯૮૨૫૪ ૦૦૩૪૩ | માણેકપુર |
| ૭. | શ્રી કનુપ્રસાદ નારાયણદાસ મિસ્ત્રી | કારોબારી સભ્યશ્રી | ૯૮૯૮૦ ૮૪૬૧૦ | ઊંચી ધનાલ |
| ૮. | શ્રી પંકજભાઈ દલસુખદાસ સુથાર | કારોબારી સભ્યશ્રી | ૯૮૨૪૪ ૪૦૩૧૨ | સરડોઈ |
| ૯. | શ્રી નરેન્દ્રભાઈ ગોરધનદાસ મેવાડા | કારોબારી સભ્યશ્રી | ૯૮૨૫૦ ૪૭૮૨૯ | છનિયાણા |
| ૧૦. | શ્રી વિનોદભાઈ બબલદાસ મિસ્ત્રી | કારોબારી સભ્યશ્રી | ૯૯૭૯૧ ૧૬૪૮૧ | વાસન |
| ૧૧. | શ્રી જીતેન્દ્રભાઈ ડાહ્યાલાલ મેવાડા | કારોબારી સભ્યશ્રી | ૯૪૨૭૩ ૨૮૨૭૩ | ભાન્ડુ |
| ૧૨. | શ્રી હિતેશભાઈ ગુણવંતલાલ મેવાડા | કારોબારી સભ્યશ્રી | ૯૮૨૫૭ ૦૦૯૯૬ | દિયોલી |
| ૧૩. | શ્રી અશોકભાઈ ત્રિભોવનદાસ સુથાર | કારોબારી સભ્યશ્રી | ૯૭૩૭૬ ૯૪૧૯૧ | ચાડા |
| ૧૪. | શ્રી અમૃતભાઈ અમથારામ મિસ્ત્રી | કાયમી આમંત્રિત | (રે.) (૦૭૯) ૨૬૬૨૦૭૬૬ | સુંઢિયા |
| ૧૫. | શ્રી હસમુખભાઈ ડી. મેવાડા | કારોબારી સભ્યશ્રી | (૦૨૨) ૮૩૨૨૧૫૬ | દાસજ (મુંબઈ) |
| ૧. | શ્રી વિશ્વકર્મા મેવાડા છાત્રાલય ટ્રસ્ટ | ઓફિસ | (૦૭૯) ૨૬૪૪૮૨૧૩ | અમદાવાદ |
| ૨. | શ્રી ડાહ્યાભાઈ ગોરધનદાસ મેવાડા | ગૃહપતિ | ૯૩૭૬૮ ૯૦૦૩૨ | સુંઢિયા |

## -: ખાસ નોંધ :-

ગુજરાતના મેવાડા સુથાર સમાજના દાતાશ્રીઓએ ઉદાર હાથે દાન આપીને લગભગ ૬૦ વર્ષ પહેલા આ સંસ્થા ઉભી કરેલ છે. તે પછી સમયાંતરે જરૂર મુજબ દાન મળતા જ રહ્યા છે. પરંતુ દાતાશ્રીઓના રજીસ્ટર પરથી જાણવા મળે છે કે ઘણા જૂના દાતાશ્રીઓ અત્યારે હયાત નહીં હોય અથવા તેમના સરનામાં બદલાઈ ગયા હશે.

**છેલ્લી વાર્ષિક સામાન્ય સભા એટલે કે તા. ૦૮/૦૯/૨૦૧૯ વર્ષ ૨૦૧૮-૧૯ માં કરેલ ઠરાવ અનુસાર** અહેવાલ કે અન્ય ટપાલો કે નોટીસો ટપાલથી મોકલવામાં આવશે નહિ. હવે ડીજીટલનો જમાનો છે, માહિતી મોકલવા માટે ઘણા આધુનિક સાધનો હાથવગા છે, તેથી મોબાઈલની સુવિધાથી માહિતી મોકલવામાં આવશે. તેથી દરેક સભ્યોને વિનંતી કે છાત્રાલયના રજીસ્ટરમાં પોતાનો દાતા નંબર, નામ અને સરનામા જેવી માહિતીઓ ચકાસી લેવી અને પોતાના મોબાઈલ નંબરની નોંધ કરાવી લેવી અને જરૂરી ફેરફારો કરાવી લેવા તથા ફોટા સાથે નવા બનાવેલ ફોર્મમાં પુરી વિગતો ભરીને આપવી. **તે માટેનું ફોર્મ અહેવાલમાં અંદર પેજ નં-૬ ઉપર આપેલ છે. તો આપના સભાસદ નંબર સાથે નવી માહિતી ભરીને છાત્રાલયમાં પહોંચતી કરવી.**

**છાત્રાલયની તમામ માહિતી, અહેવાલ તથા સામાન્ય સભાની નોટીસ મોબાઈલની સુવિધાથી સોશીયલ મીડિયા મારફતે મોકલવામાં આવશે તેની સૌએ ખાસ નોંધ લેવી.**

શ્રી વિશ્વકર્મા મેવાડા છાત્રાલય ટ્રસ્ટ, **શ્રી કાળીદાસ રેવાશંકર મિસ્ત્રી છાત્રાલય**
રજી.ઓફિસ : કોમર્સ છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯. ફોન : (૦૭૯) ૨૬૪૪૮૨૧૩
Website : www.mewadasutharhostel.com   E-mail : mevadahostel.ahmedabad@in.com